ગાંધીનગર સમાચાર
તા. ૧૩-૭-૨૦૧૩, શનિવાર

તંત્રી સ્થાનેથી.....

ઐતિહાસિક ચુકાદો રાજકારણની ગંદકી સાફ કરી શકશે ખરો?

સુપ્રીમ કોર્ટ દ્વારા અપરાધી- અસામાજિક તત્ત્વો વિરુદ્ધ સતત ઝુંબેશ ચાલી રહી છે. જે પરિણામ પ્રજાકીય આંદોલનો નથી લાવી શક્યાં તે કદાચ કોર્ટના ન્યાયમૂર્તિ કલમના એક ઘસરકે લાવી શકે એમ છે. અત્યાર સુધી જે ગુનાઈત તત્ત્વો વટપૂર્વક જેલમાં બેઠાં બેઠાં વિધાનસભા અને લોકસભાની ચૂંટણીમાં ઉમેદવારી કરતાં રહ્યાં હતાં અને પ્રજા પર એમના મની અને મસલ પાવરનો ઉપયોગ કરી વિજેતા બનીને લોકશાહીની ઈજ્જતના ધજાગરા ઉડાડતાં રહેતા એ બધાંના શિરે કોર્ટના ચુકાદાની લટકતી તલવાર ઝૂલવા લાગી છે. એક ખૂબ જ મહત્ત્વના ચુકાદામાં સુપ્રીમ કોર્ટે આદેશ કર્યો છે કે જેલ યા પોલીસ કસ્ટડીમાં રહેલી કોઈપણ વ્યક્તિ સંસદ કે વિધાનસભાની ચૂંટણી લડી શકે નહીં. આ ચુકાદાનાં દૂરોગામી પરિણામો મળે તેવી સંભાવના છે. હવે કોઈ કાચા કામનો કેદી પણ ચૂંટણી લડી શકશે નહીં. સુપ્રીમ કોર્ટના નિરીક્ષણ મુજબ જેલમાં રખાયેલ વ્યક્તિ અથવા પોલીસ કસ્ટડીમાં મુકાયેલ વ્યક્તિ તેવો મતાધિકાર ગુમાવતો હોઈ તે ચૂંટણી લડી શકે નહીં. ચૂંટણી ફક્ત મતદાર નાગરિક જ લડી શકે છે. લોક પ્રિતિનિધિત્વ ધારો (૧૯૫૧)ની કલમ ૬૨ પેટા કલમ(૫) અન્વયે જે વ્યક્તિને મતાધિકાર ન હોય તેવી કોઈપણ વ્યક્તિ કોઈ ચૂંટણી લડી શકે નહીં. આ સીમાચિહ્ન રૂપ ચુકાદાથી રાજકીય પક્ષો માટે ભારે મુશ્કેલી સરજાવાની શક્યતા છે. મોટાભાગના પક્ષો મની અને મસલ પાવર ધરાવતા 'દબંગ' ઉમેદવારો શોધીને ચૂંટણી જીતવાનું ગણિત માંડતા રહ્યા છે. આવા લોકો વારંવાર જેલ પણ ભોગવી ચૂક્યા હોય છે અને એમની વિરુદ્ધ ગંભીર પ્રકારના આરોપો પણ થયેલા હોય છે. કોર્ટ કોર્ટનું કામ કરતી રહે છે અને આવા માથાભારે ઉમેદવારો એમની ધાક અને ઠાકના બળ પર ચૂંટણીમાં ટિકિટો મેળવતા રહે છે તેમજ સારા ઉમેદવારોની સામે વિજેતા પણ થતા રહે છે. આવા ચૂંટાયેલા જનપ્રતિનિધિઓને બે વર્ષથી વધુ સજા થાય તો તેમનું સભ્ય પદ આપોઆપ રદ થશે, એવો ઐતિહાસિક ચુકાદો બુધવારના રોજ સુપ્રીમ કોર્ટે આપ્યો છે. આ ચુકાદાથી દેશભરના અનેક ચૂંટાયેલા અને સત્તાધીશ સાંસદો તથા ધારાસભ્યોના માથે લટકતી તલવાર તોળાઈ રહી છે. ગુજરાતમાં ભાજપ-કૉંગ્રેસના કુલ ૫૭ ધારાસભ્યોનું સભ્યપદ આ ચુકાદાની અસરથી જોખમમાં આવી પડ્યું છે. ૩૫ ધારાસભ્યો સામે તો અદાલતમાં ચાર્જશીટ સુધ્ધાં રજૂથઈ ચૂકી છે. તેમની સામે કોર્ટનો ફૈસલો આવે અને એમને બે વર્ષ કે તેથી વધારે સજા થાય તો તેમનું સભ્ય પદ તત્કાલ રદ થશે. વર્તમાન મોદી મંત્રી મંડળમાં જ આવા ચાર ધારાસભ્યો બેઠેલા છે. મોદીના જમણા હાથ ગણાતા અમિત શાહનું રાજકીય કદ ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી અને ઉત્તર પ્રદેશ જેવા સૌથી મોટા રાજ્યના પ્રભારી બનતાં ઘણું વધી જવા પામ્યું છે પરંતુ એમના શિરે આ ચુકાદો ડેમોક્લીસના ખંજરની જેમ ત્રાટકી શકે એમ છે. મોદીના અન્ય એક વિશ્વાસુ સાથી શંકર ચૌધરીને પણ આ ચુકાદો ઘરભેગા કરી શકે. જદ(યુ)ના નિશાન પર ચૂંટણી લડીને દર વખતે ઝઘડિયા મત વિસ્તારમાંથી વિજયી બનતા છોટુભાઈ વસાવા ઉપરાંત શહેરાના વિવાદાસ્પદ ધારાસભ્ય જેઠા ભરવાડ અને તાલાલાના કૉંગ્રેસી ધારાસભ્ય જશુભાઈ બારડને આ ચુકાદો ભારે પડી શકે તો વળી કોળી સમાજના સર્વોચ્ચ નેતા અને મોદી મંત્રીમંડળના સભ્ય પરસોત્તમ સોલંકી તેમજ હાલમાં ત્રણ વર્ષની સજા પામીને પણ ખુરશી પર ચીટકી રહેલા ભાઈ બોખીરિયાની છુટ્ટી થઈ શકે એમ છે. જ્યારે પ્રજા ભારે હતાશા વચ્ચે ગુંડા તત્વોના ડર હેઠળ મૂંગે મોં એ લોકશાહી પર થતા બળાત્કાર અને અત્યાચાર સામે હાથ જોડીને બેસી રહી છે તેવા વિષમ સંક્રિકાળમાં ન્યાયની દેવીએ આંખો પર બાંધેલા પાટા ખોલી નાખ્યા છે અને લોકશાહીના રક્ષણ માટે એના દળકટક સહિત વહારે ચડી છે. આપણને કાળી ડિબાંગ અંધારી રાતમાં ન્યાયપાલિકાની આ શુભ ચેષ્ટા વીજળીના રૂપેરી કોર સમી ભાસે અને ઘોર નિરાશાના વાતાવરણમાં આશાનો સંચાર વરતાય તે સ્વાભાવિક છે. છતાં હૈયે થડકારો તો રહે જ: શું આ રીઢા રાજકારણીઓ કોર્ટના આ સફાઈ અભિયાનને નિર્ણાયક તબક્કા સુધી પહોંચવા દેશે ખરા?

જે.એમ.ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની શાળા પંચાયતના હોદ્દેદારો નિમાયા

જે.એમ.ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની માધ્યમિક વિભાગ (ગ્રાન્ટેડ)ની ચૂંટણી યોજવામાં આવી હતી. વિદ્યાર્થીઓ અને શાળાના આચાર્યા બહેન સંતોકબહેન ચૌધરીએ તથા વ્યાયામ શિક્ષીકા સુતરીયા મિનાક્ષીબેને અભિનંદન પાઠવ્યા છે.

ઉપપ્રમુખ ચૌધરી મેશ્વા પી, રાવલ ધરતી આર. શિસ્ત મંત્રી લલિતા કે ચૌધરી, જલક જે. શ્રીમાળી, મનોરંજન મંત્રી - એનેક્ષી આર. વાઘેલા, પ્રવાસનમંત્રી જાહવી વી. ચૌધરી, લાઈનમંત્રી - ભાવિકા જે. શર્મા ચૂંટાયા છે.

મહર્ષિ અત્રિ માધ્યમિક શાળામાં વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન

વિશ્વ વસ્તી દિવસ તા. ૧૧મી જુલાઈના દિવસે ઉજવવામાં આવ્યો હતો. મહર્ષિ અત્રિ માધ્યમિક શાળામાં વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરેલ હતું. વિદ્યાર્થીઓએ વધતી જતી વસ્તી પર પોતાના વિચારો દર્શાવ્યા હતા. આ સ્પર્ધામાં પ્રથમ ફોરમ સુધીરભાઈ પટેલ, (પ્રાથમિક વિભાગ), ઠુંમર રાજેશ્વરી ભરતભાઈ (માધ્યમિક વિભાગ), દ્વિતીય ઠક્કર રાજ સુરેશભાઈ, જાદવ હરદીપ જનકભાઈ વિજેતા વિદ્યાર્થીઓને શાળાના ટ્રસ્ટી ભરતનાં ઠુંમર અને શાળાના આચાર્ય ભરતસિંહ રાઠોડ શિક્ષક ગણે અભિનંદન આપેલ છે.

જે. એમ. ચૌધરી સાર્વજનિક ઉચ્ચતર કન્યા વિદ્યાલયના શાળા પંચાયતના હોદ્દેદારો નિમાયા

જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની ઉચ્ચતર વિભાગમાં શાળા પંચાયતની ચૂંટણી યોજવામાં આવી. જેમાં ચૂંટાયેલા વિદ્યાર્થીઓને શાળા આચાર્યા બહેન સંતોકબેન ચૌધરીએ તથા વ્યાયામ શિક્ષિકા ચૌધરી લીલાબેને અભિનંદન પાઠવ્યા હતા.

પ્રમુખ ચૌધરી પ્રગતિ એચ, શિસ્ત મંત્રી ગોહિલ ઝલક એમ., મનોરંજન મંત્રી મલેક મોહસિના આઈ., રમતગમત મંત્રી ચૌધરી જાનુ વી., પુસ્તકાલયમંત્રી દિશા આર. ચૌધરી, પ્રવાસનમંત્રી નીપા એ ચૌધરી, સફાઈમંત્રી દિવ્યા જે. શ્રીમાળી, વિજ્ઞાનમંત્રી - વૃદ્ધિ એસ. ચૌધરી.

આજે રેશનલ સમાજની સામાન્ય સભા મળશે

રેશનલ સમાજ ગાંધીનગરની વાર્ષિક સામાન્ય સભા તા. ૧૩મી જુલાઈના શનિવારે સાંજે પાંચ વાગે નિસર્ગ 'સાયન્સ સેન્ટર' બ્લોક નં. ૬૧/૧, ઘ-ટાઈપ, સેક્ટર-૨૩ ગાંધીનગરમાં મળશે. રેશનલ સમાજ ગાંધીનગરના મંત્રી પંકજ પટેલે જણાવેલ છે.

ગાંધીનગરના પ્રસારણ વન વિભાગમાં વન તાલીમ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૨

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય, સાદરાના ૮૦ વિદ્યાર્થીઓનો તાજેતરમાં બે દિવસીય વન પ્રસારણ તાલીમ કાર્યક્રમ વન વિભાગ ગાંધીનગરમાં યોજાઈ ગયો.

વન પ્રસારણ તાલીમ કાર્યક્રમના ઉદઘાટન પ્રસંગે વન સંરક્ષક આર.બી. ઝાલા, ગૌ-સંવર્ધન કેન્દ્ર-સાદરાના પ્રાધ્યાપક રમેશભાઈ પટેલ અને ડૉ. અરવિંદભાઈ રામી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક ડી.એસ. નર્વેએ ગુજરાતના વનો અને જૈવિક વિવિધતા વિશે જરુરી માહિતી આપી હતી. નાયબ વન સંરક્ષક ટી.એલ. પટેલે પર્યાવરણમાં વૃક્ષોની અગત્યતા વિશે અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક એસ.ડી. વોરાએ કુદરતી સંશાધનોનું ગ્રામ વિકાસમાં મહત્વ વિશે તેમજ એસ.જે. પંડિતે કલાઈમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગ અને ડી.સી. મહેતાએ સામાજિક વનીકરણ યોજનાના મહત્વ વિશે જણાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જે.એસ.પટેલ અને આર.એમ. આહિરે સફળતાપૂર્વક કર્યું હતું.

કે.કે. પટેલ વિદ્યાલયમાં માર્ગ સુરક્ષા અને ટ્રાફિક નિયંત્રણ સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાના કોલવડા ગામે આવેલી કમળાબેન કેશવલાલ પટેલ વિદ્યાલયમાં તાજેતરમાં માર્ગ સુરક્ષા અને ટ્રાફિક નિયંત્રણ અંગેનું માર્ગદર્શન આપતો સેમિનાર યોજાઈ ગયો. સેમિનારમાં શાળાના ૪૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લઈ માર્ગ સુરક્ષા અને ટ્રાફિક નિયંત્રણ અંગેની વિગતે માહિતી પ્રાપ્ત કરી હતી.

કે.કે. પટેલ વિદ્યાલય કોલવડા ખાતે 'માર્ગ સુરક્ષા અને ટ્રાફિક નિયંત્રણ' અંગે સેમિનાર શાળાના આચાર્ય ભાવનાબેન એ. વાઘેલાના અધ્યક્ષપણા હેઠળ યોજવામાં આવ્યો હતો. સેમિનારમાં અમદાવાદ પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરીના દિપકભાઈ તથા નીતિનભાઈ સૂતરિયા ટ્રેનર હાજર રહ્યા હતા. તેમણે શાળાના ધો. ૯ થી ૧૧ના વિદ્યાર્થીઓને ટ્રાફિકની સમસ્યાઓ થવાના કારણો, ટ્રાફિકના નિયમો, યોગ્ય પ્રકારના ડ્રાઈવિંગ વખતે વપરાતી સંજ્ઞાઓ-સાઈનબોર્ડ તથા માર્ગદર્શક પટ્ટાઓની વિગતવાર સમજુતી આપી હતી. અકસ્માત નિવારી શકાય તેની કાળજી રાખતાં તેનાથી બચી શકાય તેવી ઉદાહરણ સહિત છણાવટ કરી હતી. શાળાના આચાર્યએ વિદ્યાર્થીઓ આ નિયમોનું પાલન કરશે તેવી ખાતરી આપી હતી. શાળાના સુપરવાઈઝર ચીનુભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચન આપ્યું તથા આભાર દર્શન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન નારાયણભાઈ પટેલે કર્યું હતું.

ગુજરાત યુનિવર્સિટી પ્રવક્તાને શૈક્ષણિક કાર્યથી રાહત અપાઈ

અમદાવાદ, તા. ૧૨

ગુજરાત યુનિવર્સિટીના પ્રવક્તા તરીકે અર્થશાસ્ત્રના અધ્યાપક પ્રદિપ પ્રજાપતિ ફરજ બજાવે છે. પ્રદિપ પ્રજાપતિ આ ઉપરાંત યુનિવર્સિટીના લીગલ એડવાઈઝર સહીતની વિશેષ સેવાઓ આપી રહ્યા છે. જેના કારણે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ આદેશપાલ દ્વારા તેમને અર્થશાસ્ત્રના પ્રોફેસરના કામકાજમાંથી રાહત આપવાની જાહેરાત કરી છે. અર્થશાસ્ત્રના પ્રોફેસર તરીકે સરકારી પગાર લેતાં પ્રદિપ પ્રજાપતિને શૈક્ષણિક કાર્યમાંથી મુક્તિના કારણે ગુજરાત યુનિવર્સિટીમાં એક નવો વિવાદ સર્જાય તેવી શક્યતા છે.

ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ આદેશપાલે પોતાના સમર્થકોને આગળ ધરવાની નીતિ અપનાવી છે. જેના ભાગરૂપે તેમણે પૂર્વ કુલપતિ પરિમલ ત્રિવેદીના વિરોધી એવા અર્થશાસ્ત્રના પ્રોફેસર પ્રદિપ પ્રજાપતિને યુનિવર્સિટીના પ્રવક્તાની નવી પોસ્ટ બનાવી તેના ઉપર નિયુક્તિ આપી હતી. જેના કારણે વિવાદ સર્જાયો હતો. આ વિવાદની સાહી હજુ સુકાઈ નથી ત્યારે પ્રદિપ પ્રજાપતિને લઈ યુનિવર્સિટીમાં વધુ એક વિવાદના એંધાણ વર્તાઈ રહ્યા છે.

એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં કન્યા કેળવણી રથયાત્રા યોજાઈ

ગાંધીનગર શહેરના સેક્ટર-૨ ઉમાં આવેલી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં તાજેતરમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથયાત્રા યોજાયા હતા. બાળાઓને આ પ્રસંગે બાળ ફિલ્મ બતાવી મનોરંજન પુરૂ પાડવામાં આવ્યું હતું.

શાળામાં ધોરણ ૧માં પ્રવેશતી બાળાઓને આ પ્રસંગે કુમકુમ તિલક કરી મોં મીઠુ કરાવી આચાર્યા નીરૂબેન પટેલ અને પી.ટી.સી. કોલેજના આચાર્યા કિરણબેન પટેલે અભિવાદન કર્યું હતું. કન્યા કેળવણી રથયાત્રા પ્રસંગે શાળાના આચાર્યા એન.જે. પટેલે વિદ્યાર્થિનીઓને વધુ ને વધુ અભ્યાસ કરવા અને વિદ્યાભ્યાસથી જીવનને સફળ બનાવવા આશીર્વચન પાઠવ્યા હતા. કાર્યક્રમને અંતે બાળાઓને બાળ ફિલ્મ બતાવી મનોરંજન પુરૂ પાડવામાં આવ્યું હતું.

પી.બી. પટેલ સ્કૂલમાં વિશ્વ વસતિ દિન ઉજવાયો

ગાંધીનગર, તા.૧૨

કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ કડી સંચાલિત પી.બી. પટેલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં વિશ્વ વસતિ દિનની ઉજવણી કરવામાં આવી હતી. શાળામાં વિશ્વ વસતિ દિન નિમિત્તે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન થયું હતું. શાળાના ૨૭ વિદ્યાર્થીઓએ વકતૃત્વ સ્પર્ધામાં પોતાના વિચારો રજૂ કર્યા હતાં.

કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ કડી સંચાલિત પ્રભાવતી ભરતકુમાર પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ એસ.વી. કેમ્પસ કડીમાં તાજેતરમાં વિશ્વ વસ્તી દિનની ઉજવણી નિમિત્તે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન થયું હતું. સ્પર્ધામાં ૨૭ વિદ્યાર્થીઓએ ઉત્સાહ સભર પોતાના વિચારોમાં વસ્તી દિન વિશેનો મહિમા, દેશમાં વધતી વસ્તીનું પ્રમાણ અટકાવવાના ઉપાયો, થતું નુકશાન, શિક્ષણ, ગરીબી, બેકારી અને રોટી, કપડાં અને મકાન પર થતી અસરોની સુંદર રીતે છણાવટ કરી હતી. આ વકતૃત્વ સ્પર્ધામાં ધોરણ-૯માં પ્રથમ નંબર સોઢા લક્ષ્મણ કે, બીજો નંબર પ્રજાપતિ ચેતન એચ., ત્રીજો નંબર નાડોદા જયેશભાઈ વી. અને ધોરણ-૧૧માં પ્રથમ નંબર રબારી અલ્પેશ આર., બીજા નંબરે સુથાર રવિના આર., ત્રીજા નંબરે સગર યશવંત જી. એ નંબર પ્રાપ્ત કરી સંસ્થાનું ગૌરવ વધારેલ છે. શાળાના પ્રિન્સિપાલ ડૉ. બાબુલાલ આર. પટેલે બાળકોને પ્રોત્સાહિત કર્યા અને પોતાના વિચારો વ્યકત કર્યા. આ સ્પર્ધાનું સંચાલન રાજેન્દ્રભાઈ પટેલ અને મહેન્દ્રભાઈ પટેલે સુંદર રીતે કર્યું હતું તે બદલ દરેકને અભિનંદન પાઠવ્યા હતા.

બાપા....વાઈફને રથયાત્રા જોવા લઈ ગયો તેમાં પ્રોબ્લેમ થઈ ગયો... હવે કહે છે સોનાનું ઝાડું લાવી આપો તો જ ઘરની સફાઈ કરૂ...!!

આજે સેંટ ઝેવિયર્સ-નાઈન્ટીનો ગેટ ટુ ગેધર કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરની જાણીતી સંસ્થા સેંટ ઝેવિયર્સ સ્કૂલમાં ૧૯૯૦માં ધો-૧૨માં અભ્યાસ કરી ચૂકેલા વિદ્યાર્થીઓનો અને શિક્ષકોનો ગેટ ટુ ગેધર કાર્યક્રમ આજે સાંજે ૫.૩૦ કલાકે ઈન્ફોસીટી કલબ, ઘ-૦ પાસે, ગાંધીનગર ખાતે યોજાશે.

સમયની રેખા જ્યારે ભૂતકાળ બનીને આંખો સામે તરવરવા લાગે છે ત્યારે ફરી પાછું એ જ બાળપણ અને ગુરુજનો યાદ આવે છે. જીવનના સોનેરી પથ પર વિકાસ કરી રહેલા અને ઝેંટ ઝેવિયર્સ સ્કૂલમાં ભણી ચૂકેલા વિદ્યાર્થીઓનો ગેટ ટુ ગેધરનો કાર્યક્રમ આજે ગાંધીનગરના ઈન્ફોસીટી ખાતે યોજવામાં આવ્યો છે. સમયના વહેણમાં જે લોકો શારીરિક રીતે દૂર થયા છે અને મનથી તદ્દન નજીક છે તેવા સૌ સ્નેહી મિત્રોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા ભાવભીનું આમંત્રણ છે.

ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં વિશ્વ વસતિ દિન ઉજવાશે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર જિલ્લાના લેકાવાડા ગામે આવલી ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં ૧૧મી જુલાઈના રોજ શાળા કક્ષાએ વિશ્વ વસતિ દિન ઉજવવામાં આવ્યો હતો.

શાળાના ધોરણ ૩ થી ૭ના વિદ્યાર્થીઓએ વિશ્વ વસતિ દિન વિષય પર નિબંધ લેખન કર્યું હતું. તથા ધોરણ ૮ થી ૧૨ના વિદ્યાર્થીઓએ મૌખિક વકતવ્ય તથા સૂત્રો ઉચ્ચારણ કરી વર્તમાન સમયમાં ચાલી રહેલી વિશ્વ વસતિ સમસ્યા પર વકતવ્ય આપ્યું હતું. જે અંતર્ગત ધો-૩ થી ૧૨ના વિદ્યાર્થીઓને લેખન કાર્ય માટે તથા મૌખિક વકતવ્ય માટે ૧ થી ૩ નંબર આપી સર્ટિફીકેટ એનાયત કરવામાં આવ્યા હતા. શાળા પરિવાર વતી વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

એ.એ. પટેલ કોમર્સ કોલેજમાં ઓરિએન્ટેશન અને વેલકમ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરના સેક્ટર-૨ ઉમાં આવેલી અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજમાં તાજેતરમાં ત્રણ દિવસનો ઓરિએન્ટેશન અને આવકારવાનો કાર્યક્રમ યોજાઈ ગયો. એન.એસ.એસ. દ્વારા આજે ગાંધીનગરમાં વૃક્ષયાત્રાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજના એન.એસ.એસ. યુનિટ દ્વારા આજે એન.એસ.એસ.માં જે વિદ્યાર્થીઓ નવા જોડાયા છે તેમને ત્રણ દિવસ પ્રશિક્ષણ અને તેમને આવકારવાનો કાર્યક્રમ યોજાયો હતો. તેમાં કોલેજના પ્રિન્સીપાલ ડૉ. જયેન્દ્રભાઈ ભટ્ટ, કોલેજના પ્રોગ્રામ ઓફીસર અને યુનિ.ના પ્રોગ્રામ કોર્ડીનેટર પ્રો. રણછોડ રથવી, પ્રો. જયેન્દ્રસિંહ જાદવ, પ્રો. સમીર પંડ્યા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. એન.એસ.એસ.માં જોડાયા પછી વિદ્યાર્થીઓનું દાયીત્વ શું છે? તેને કેવા કાર્યો કરવા જોઈએ ? તે માટે ત્રણ દિવસનો ઓરીએન્ટેશન કાર્યક્રમ કર્યો હતો અને વિવિધ સાંસ્કૃતિક થીમ બેઈઝ કાર્યક્રમ દ્વારા નવા વિદ્યાર્થીઓને ભવ્ય રીતે આવકાર આપવામાં આવ્યો હતો.

૨૦૧૩-૧૪ના વર્ષમાં એન.એસ.એસ.યુનિટ દ્વારા રક્તદાન, થેલેસેમીયા અવરનેશ પ્રોગ્રામ, થેલેસેમિયા ટેસ્ટ સમગ્ર કોલેજ, વૃક્ષારોપણ તા. ૧૩, ૧૪ જુલાઈ ૨૦૧૩ના દિવસે સમગ્ર ગાંધીનગરમાં ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટ તથા નેચર કલબના સહયોગથી વૃક્ષયાત્રા કરવામાં આવશે. સેક્ટર-૨૯ની બે પ્રાથમિક શાળાઓને દત્તક લઈ બંને શાળાઓને શ્રેષ્ઠ બનાવવા માટે પ્રયત્ન, કુપોષણ, બેટી બચાવો, આરોગ્ય જાળવણી, સ્વચ્છતા, દત્તક વિસ્તાર પ્રવૃત્તિ, સંતુલિન આહાર, વૃદ્ધાશ્રમની મુલાકાત, વૃદ્ધો સાથે રહી તેમને મળવાનો કાર્યક્રમ, વગેરે જેવા કાર્યક્રમો કરવામાં આવશે. આ વર્ષે યુનિ. અને કોલેજ દ્વારા અનેક સામાજિક કાર્યો થકી સમાજને મજબૂત અને બળવાન બનાવવા પ્રયાસ કરવામાં આવશે. સમાજ પ્રત્યેનું ઋણ અદા કરી રાષ્ટ્રને મજબૂત બનાવવાનું કાર્ય વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ દ્વારા કરવામાં આવશે.

સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન પ્રો. રણછોડ રથવીએ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે કોમલ પટેલ, પરીન્દા વાઘેલા, ઈશિતા શાહ, અજુડીયા જયકિશન, ધ્રુવ પટેલ, ભૂમિ પટેલ વગેરે વિદ્યાર્થીઓએ યોગદાન આપ્યું હતું. ગાયત્રી પંચાલએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

ફણગાવેલાં કઠોળ એ બાળકોને નાસ્તા દ્વારા પ્રોટીન પૂરૂં પાડવાનો ઉત્તમ સ્ત્રોત છે

દરેક મમ્મી ઇચ્છતી હોય છે કે તે પોતાના બાળકને જે નાસ્તો આપે તો નાસ્તો બાળક પૂરેપૂરો ખાય કારણ કે બાળકો ઘણી વખત લંબબોક્સ એમને એમ ભરેલું પાછું લાવે છે. એનું એજ રોજ ખાવાનું? આ એમની ફરિયાદ છે. તેઓ ખાતા નથી એટલે ભૂખ્યા પેટે અભ્યાસમાં પણ પૂરૂં ધ્યાન આપી શકતા નથી પછી શાળાની બીજી બધી એક્ટીવીટીની તો વાત જવા દો.

ઘણી મમ્મીઓને રાતથી જ ચિંતા થાય છે તે કાલે હું મારા બાળકનો નાસ્તો શું આપું કે તે પૂરેપૂરો ખાઇને આવે. તેને પૂરૂં પોષણ મળે નહીં તો બાળક એનીમીક બની જશે અને નબળું પણ પડશે અનવા કેન્ટીનમાં જઇને જંકફુડ ખાવાનો કે લારીમાંથી નાસ્તો ખાતો થઇ જશે.

તો આ રહી લંચબોક્સમાં આપવાની પૌષ્ટિક વાનગીઓ...

ફણગાવેલાં કઠોળ એ બાળકોને નાસ્તા દ્વારા પ્રોટીન પૂરૂં પાડવાનો ઉત્તમ સ્ત્રોત છે. પણ આવા એકલાં કઠોળ રોજ જ ખાવા ભાવતા નથી તો આવા ફણગાવેલા કઠોળની વાનગીઓ :

● ચણા ટીકી

સામગ્રી :-

એક વાટકી ફણગાવેલા દેશી ચણા
ઘઉંની બ્રેડની બે સ્લાઇઝ
લીલાં મરચાં,
કોથમરી
મીઠું
ખાંડ
લીંબુ
પાલકની ભાજી
બટર

રીત :-

ફણગાવેલા ચણાને મીઠું નાખી બાફી લો. તેને મીક્સીમાં ગ્રાઇન્ડ કરો સાથે બે થી ત્રણ લીલા મરચાં, પાલકની ભાજી ઝીણી સુધારેલી અડધો કપ નાખો. બ્રેડની સ્લાઇઝનો



ભૂકો કરી બ્રેડક્રમ્સ બનાવી ચણાની ટીક્કી બનાવવા બાઇન્ડીંગ માટે તેમાં મીક્સ કરો. જરૂર મુજબ મીઠું, મરચું, ખાંડ, કોથમરી નાખી નાની-નાની ગોળ ટીક્કી વાળો, બાળકોને આપવાનું હોવાથી આપણે તેમાં ગરમ મસાલો કે વધારે પડતા મસાલા બીજા નાખતા નથી.

આ ટીક્કીને તવી પર બટર નાખી શેલો ફ્રાય કરો. બંને બાજુ બ્રાઉન થાય ત્યાં સુધી શેકો. ઠંડુ પડે એટલે લીલી કોથમરી - ફૂદિનાની ચટણી કે કેચ-અપ સાથે લંબબોક્સમાં પેક કરો.

● ફણગાવેલા મગનાં ચીલા

સામગ્રી :-

ફણગાવેલા મગ એક કપ
મેથીની ભાજી ઝીણી સુધારેલી અડધો કપ
એક ચમચો બેસન,
કોથમરી
લીલા મરચાંની પેસ્ટ,
મીઠું

બાળકોને લંચબોક્સમાં શું આપશો...

- વીણા પી. વોરા

જીરૂં
પાવડર
એક ટામેટું
દહીં
તેલ

રીત :-

ફણગાવેલા મગને મીક્સીમાં ગ્રાઇન્ડ કરવા, તેમાં મેથીની ઝીણી સુધારેલી ભાજી, કોથમરી, મરચાંની પેસ્ટ, મીઠું, જીરૂં પાવડર, દહીં એક ચમચો, એક ટમેટું, ઝીણું સુધારેલ નાખી ખીરૂં તૈયાર કરો.

આ ખીરામાંથી તવી પર તેલ લગાડી નાના ચીલા ઉતારો, ઠંડા પડે એટલે લંચબોક્સમાં ભરો.

● ફણગાવેલા મઠની મઠરી

સામગ્રી :-

એક કપ ફણગાવેલા મઠ
એક કપ ઘઉંનો લોટ
એક ચમચો રાગીનો લોટ
એક ચમચો સોયાબીનનો લોટ
મીઠું
અજમો
જીરૂ
હળદર
લાલ મરચું
તલ, તળવા માટે તેલ

રીત :-

ફણગાવેલા મઠને પીસી લો તેમાં બધા લોટ, જીરૂ, અજમો, તલ, મીઠું હળદર, મરચું નાખી કઠમણ લોટ બાંધો, તેલથી તેને કેળવો, તેની પૂરી વણી સહેજ કડક થાય ત્યાં સુધી તળી લો. તળતી વખતે તાપ મધ્યમ રાખવો.

આ પૂરી મઠના ફરસા સ્વાદને કારણે પૌષ્ટિક અને સ્વાદિષ્ટ લાગે છે. છૂંદા સાથે કે સંભારા મસાલા સાથે લંચબોક્સમાં આપી શકાય.